ડાયરેક્ટ સે

કડવું સત્ય
કોઈ વ્યક્તિને
સુધારવા જશો
તો
તે તમારો દુશ્મન બની જશે

જન્મદિને વધામણી

રસિકલાલ આર દવે
નિવૃત્ત ઈલેક્ટ્રીક સુપરવાઈઝર
સરકારી છાપકામ
અને લેખન સામગ્રી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

નેવીગેટર સ્લોગન સ્પર્ધા

ભણવામાં કડવાં લાગતાં શિક્ષણનાં ફળ મીઠાં

'શિક્ષણનું મહત્ત્વ' વિષય પર ત્રણ દિવસ દરમિયાન સ્લોગન સ્પર્ધા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૫

મહાત્મા મંદિર ખાતે આયોજિત એજ્યુકેશન એક્ષ્પોમાં નેવીગેટર એજ્યુકેશન દ્વારા એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો હતો. 'શિક્ષણનું મહત્ત્વ' વિષય પર ત્રણ દિવસ દરમિયાન એક સ્લોગન સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ભાગ લઈ વિદ્યાર્થીઓએ શિક્ષણ વિષયે અવનવાં સૂત્રો આપ્યાં હતાં.

સ્લોગન સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ અને ઉપપ્રમુખ સંજય થોરાતે પોતાની સેવાઓ આપી હતી. 'એજ્યુકેશન એવું શસ્ત્ર છે જેનાથી દુનિયા આખી બદલી શકાય છે.' અવની પટેલના આ સ્લોગનને પ્રથમ ક્રમાંક મળ્યો હતો. રોનક દવે અને હર્ષ ચૌહાણને અનુક્રમે દ્વિતિય અને તૃતિય ક્રમાંક પ્રાપ્ત થયો હતો.

વ્યવસાય સાથે વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ વિકસે એ માટે નેવીગેટર્સ એજ્યુકેશનના ડિરેક્ટર ચિરાગ જોષી અને કરિશ્મા જોષી કાર્યરત છે. આ સ્લોગન સ્પર્ધામાં અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં વૈવિધ્ય-સભર સ્લોગન્સ આવ્યાં હતાં. એજ્યુકેશન એક્ષ્પોમાં માત્ર સ્ટોલ્સ નહીં પણ આવાં ક્રિએટીવ કાર્યો પણ થઈ શકે છે. એવું નેવીગેટર્સ એજ્યુકેશનના આ સંચાલકોએ સાબિત કર્યું હતું.

હાયર એજ્યુકેશન સિસ્ટમમાંથી હવે સેમેસ્ટર દૂર નહીં થાય

સેમેસ્ટર સિસ્ટમમાં ફેરફાર કરવા માટેની કવાયત હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત હાયર એજ્યુકેશનમાંથી હવે સેમેસ્ટર સિસ્ટમ દૂર થાય તેવી કોઈ શક્યતા નથી. જેના કારણે હવે આગામી દિવસોમાં સેમેસ્ટર સિસ્ટમમાં મહત્ત્વના ફેરફાર કરવાની કાર્યવાહી શરૂ કરાશે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના આદેશના પગલે હવે શિક્ષણવિભાગે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવાના બદલે તેમાં કયા કયા ફેરફાર શક્ય છે તે માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

રાજ્યમાં સેમેસ્ટર સિસ્ટમ વર્ષ ૨૦૧૧-૧૨માં લાગુ કરવામાં આવી ત્યારે તેનો હેતુ સારો હતો. ચોઈસ બેઈઝ ક્રેડિટ સિસ્ટમની સાથે જ સેમેસ્ટર સિસ્ટમ લાગુ કરવાની હતી. કમનસીબે રાજ્યમાં હાયર એજ્યુકેશનમાં સેમેસ્ટર સિસ્ટમ તો લાગુ કરી દેવાઈ પરંતુ ક્રેડિટ બેઈઝ ચોઈસ સિસ્ટમનો અમલ જ કરાયો નથી. કોઈપણ પ્રકારના પૂર્વ આયોજન વગર લાગુ કરાયેલી સેમેસ્ટર સિસ્ટમના કારણે હાલ શિક્ષણની અવદશા થઈ રહી છે.

કોલેજો અને યુનિવર્સિટીઓ પરીક્ષા લેવાની પ્રક્રિયામાંથી બહાર નીકળી શકતા નથી. સેમેસ્ટર સિસ્ટમ લાગુ કરવામાં આવી ત્યારથી જ વિદ્યાર્થી સંગઠનોએ વિરોધ શરૂ કર્યો હતો. છેલ્લે એનએસયુઆઈ અને એબીવીપીએ સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવાની માગ સાથે આંદોલનો કર્યા હતા. એક તબક્કે સરકારે પણ સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવી જોઈએ તેવું મન બનાવ્યું હતું. જેના અનુસંધાનમાં એક કમિટીની રચના કરીને કોલેજોના પ્રિન્સિપાલ પાસેથી આ અંગેને અભિપ્રાયો પણ મગાવાયા હતા. જોકે, હવે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આવવાની તૈયારી છે. પ્રવેશ પ્રક્રિયા કેવી રીતે થશે તેની જાહેરાતો કરી દેવામાં આવી છે. ત્યારે હવે આ વર્ષે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરી શકાય તેવી કોઈ શક્યતા નથી. જેના કારણે હવે સેમેસ્ટર સિસ્ટમમાં કયા પ્રકારના સુધારાઓ શક્ય છે તેની તૈયારીઓ શરૂ કરી છે. તાજેતરમા શિક્ષણમંત્રીએ પણ આ અંગેનો નિર્દેશ આપીને કહ્યું હતું કે, યુજીસીના નિયમોના કારણે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરી શકાય તેમ નથી. પરંતુ તેમાં કયા કયા સુધારા કરી શકાય તેમ છે તેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આમ, હવે સેમેસ્ટર સિસ્ટમ દૂર નહી થાય પણ સુધારાઓ કરાશે તે નક્કી થઈ ચૂક્યું છે.

આરટીઈમાં હવે ૧૮ જૂને પ્રવેશ ફાળવાશે

ગાંધીનગર, તા. ૧૫

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધો.૧માં પ્રવેશ માટેની ઓનલાઈન કાર્યવાહી અંતર્ગત હવે પ્રવેશની યાદી ૧૮ મેના રોજ જાહેર કરવામાં આવશે. ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીમાં ૩ દિવસનો વધારો કરાયો હોઈ તેના પગલે પ્રવેશના પ્રથમ રાઉન્ડની તારીખમાં ફેરફાર થયો હોવાનું જાણવા મળે છે. અગાઉ જાહેર થયેલા કાર્યક્રમ મુજબ પ્રવેશ યાદી ૧૪ મેના રોજ જાહેર કરવામાં આવનાર હતી. શનિવારે ડીઈઓ અને ડીપીઈઓના એપ્રુવલનો છેલ્લો દિવસ હોઈ આ કામગીરી પૂર્ણ થયા બાદ પ્રવેશ અંગેની યાદી જાહેર કરવાની કાર્યવાહી શરૂ કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. અત્યાર સુધીમાં એક લાખ કરતા વધુ વિદ્યાર્થીઓના ફોર્મને ડીઈઓ-ડીપીઈઓ દ્વારા મંજૂરી આપી દેવાઈ છે. આરટીઈ એક્ટ અંતર્ગત ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી ૮ મેના રોજ પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ૧.૮૭ લાખ વાલીઓએ તેમના બાળકોને ધો.૧માં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. જોકે, તેપૈકી ૧.૪૨ લાખ વિદ્યાર્થીઓના ફોર્મ કન્ફર્મ થયા હતા અને ૧.૨૨ લાખ વિદ્યાર્થીઓના ફોર્મને રિસિવિંગ સેન્ટર દ્વારા એપ્રુવલ આપવામાં આવી હતી. હાલમાં ડીઈઓ અને ડીપીઈઓ દ્વારા ફોર્મની મંજૂરી આપવાની કાર્યવાહી ચાલુ છે. જેમાં અત્યાર સુધીમાં એક લાખ કરતા વધુ વિદ્યાર્થીઓના ફોર્મ મંજૂર કરી દેવાયા છે જ્યારે દોઢ હજાર જેટલા ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યા છે. હજુ શનિવારના રોજ ડીઈઓ-ડીપીઈઓ દ્વારા ફોર્મ મંજૂર કરવાનો છેલ્લો દિવસ હોઈ આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. આરટીઈમાં પ્રવેશ માટે અગાઉ જાહેર થયેલા કાર્યક્રમ મુજબ ૧૪ મેના રોજ પ્રવેશ ફાળવવામાં આવનાર હતા. પરંતુ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીમાં ૩ દિવસનો વધારો કરવામાં આવતા હવે ૧૪ મેના બદલે ૧૮ મેના રોજ પ્રવેશ ફાળવવામાં આવશે. ત્યાર બાદ જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયા છે તેમના ડોક્યુમેન્ટ સ્કૂલમાં ૨૬ મે સુધીમાં જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૨ જૂનના રોજ પ્રવેશનો બીજો રાઉન્ડ જાહેર કરવામાં આવશે. અગાઉના કાર્યક્રમ મુજબ ૨૮ મેના રોજ પ્રવેશનો બીજો રાઉન્ડ જાહેર થવાનો હતો પરંતુ હવે તેના બદલે ૨ જૂનના રોજ બીજો રાઉન્ડ જાહેર કરાશે. આમ, રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થાય તે પહેલા જ ઈઈની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી દેવાનું આયોજન કરાયું છે.

૨૦મીએ જેઈઈ એડવાન્સ પરીક્ષા

૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ જેઈઈ આપવામાં ડ્રોપ આઉટ થયા

અમદાવાદ,તા.૧૫

ધોરણ-૧૨ સાયન્સ અને ગુજકેટનાં પરિણામ જાહેર થયા પછી હવે વિદ્યાર્થીઓ ૨૦મીએ લેવાનારી જેઈઈ એડ્વાન્સ પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. હવે વિદ્યાર્થીઓ ટોચની એન્જિનિયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ આપશે, પરંતુ ચોંકાવનારી વાત એ છે આ વર્ષે સૌથી વધુ એટલે કે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ જેઈઈ આપવામાં ડ્રોપ આઉટ થયા છે.

પરીક્ષા માટે ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા હોવા છતાં ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓએ જ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જે વર્ષ ૨૦૧૫ પછીનો એટલે કે છેલ્લાં ૩ વર્ષનો સૌથી મોટો ડ્રોપ આઉટ આંક છે. આ ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓમાં ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પણ છે.

આઈઆઈટીમાં પ્રવેશ નહીં મળવાની અપેક્ષાએ પહેલાંથી જ મોટી સંખ્યામાં ડ્રોપ આઉટ લેવાયો છે. ચાલુ વર્ષે આઈઆઈટી-કાનપુરને જેઈઈની એડ્વાન્સ પરીક્ષાની જવાબદારી સોંપાઈ છે, જેમાં જેઈઈ મેઈન સ્કોરના આધાર પર એડ્વાન્સ પરીક્ષા માટે ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય કરાયા છે, જેમાં ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેમાંના ૭૦ હજાર વિદ્યાર્થીઓ રેસમાંથી બહાર થયા છે.

કમ્પ્યૂટર બ્રાન્ચ માટે ૩ હજારમાં રેંક જોઈએ. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને બોર્ડમાં ૭૫ ટકા કે ટોપ ૨૦ પર્સન્ટાઈલ રેંક ન આવતાં એડ્વાન્સ માટે રજિસ્ટ્રેશન ટાળ્યું છે. દેશની ૨૪ આઈઆઈટીની અનેક બ્રાન્ચ માટે ૧૧ હજાર સીટ પર એડમિશન માટે અમદાવાદ સહિત રાજ્યનાં ૭ શહેરમાં ૨૦મીએ સવારના ૯ થી ૧૨ અને બપોરના ૨થી ૫ જેઈઈ એડ્વાન્સ લેવાશે.

ICSE-ISC પરીક્ષામાં અમદાવાદની તમામ સ્કૂલોનું ૧૦૦ ટકા જેટલું પરિણામ

ગાંધીનગર, તા. ૧૫

કાઉન્સિલ ફોર ધ ઈન્ડિન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ (CISCE) બોર્ડ દ્વારા લેવામાં આવેલી ઈન્ડિયન સર્ટિફિકેટ ફોર સેકન્ડરી એજ્યુકેશન (ICSE) અને ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ (ISC)નું પરિણામ સોમવારે જાહેર કરવામાં આવ્યું હતું.

અમદાવાદની લગભગ તમામ સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ રહ્યું છે. અમદાવાદમાં ICSE એટલે કે ધોરણ-૧૦માં ઝાયડસ સ્કૂલની સના લોખંડવાલા ૯૬.૨ ટકા સાથે પ્રથમ ક્રમે આવી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. હ્યુમનિટીસમાં આનંદ નિકેતનની શ્રધ્ધા પ્રજાપતિ ૯૭ ટકા સાથે અને સાયન્સમાં પણ આનંદ નિકેતનની ચાર્મી જોધપુરા ૯૫.૨ ટકા સાથે શહેરમાં ટોપર રહી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે.

ICSE-ISCની પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૨૬૪૨૬૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાં ICSE એટલે કે ધોરણ-૧૦ માટે ૧૮૩૩૮૭ અને ISC એટલે કે ધોરણ-૧૨ માટે ૮૦૮૮૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાં ધોરણ-૧૦માં ૧ લાખ વિદ્યાર્થીઓ અને ૮૩ હજાર વિદ્યાર્થીનીઓ હતી. જેમાંથી ૯૮ હજાર વિદ્યાર્થીઓ અને ૮૨ હજાર વિદ્યાર્થીનીઓ પાસ થવામાં સફળ રહી છે. આમ, ધોરણ-૧૦નું સમગ્ર દેશનું એકંદરે ૯૮.૫૧ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ધોરણ-૧૨માં ૪૩ હજાર વિદ્યાર્થીઓ અને ૩૭ હજાર વિદ્યાર્થીનીઓ નોંધાઈ હતી. જેમાંથી ૪૦ હજાર વિદ્યાર્થીઓ અને ૩૬ હજાર વિદ્યાર્થીનીઓ પાસ થવામાં સફળ રહી છે. આમ, ધોરણ-૧૨નું સમગ્ર દેશનું એકંદરે ૯૬.૨૧ ટકા પરિણામ આવ્યું છે.

આનંદ નિકેતન, શિલજમાંથી ધોરણ-૧૨ની પરીક્ષામાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ પાસ થયા હોવાનું જાણવા મળે છે. સ્કૂલમાં હ્યુમનિટીસમાં શ્રધ્ધા પ્રજાપતિ શહેરમાં ૯૭ ટકા સાથે પ્રથમ ક્રમે આવી છે. જ્યારે સાયન્સમાં ચાર્મી જોધપુરા ૯૫.૨ ટકા સાથે પ્રથમ ક્રમે રહી હોવાનું જાણવા મળે છે. જ્યારે વેજલપુર ખાતે આવેલી ઝાયડસ સ્કૂલમાં ધોરણ-૧૨ સાયન્સમાં સીમરન મંડલ ૯૨.૨ ટકા સાથે સ્કૂલમાં પ્રથમ ક્રમે આવી છે. જ્યારે કોમર્સમાં તિર્થ શાહ અને સિધ્ધરાજ માહુરકર ૯૨.૨ ટકા સાથે સંયુક્ત રીતે પ્રથમ ક્રમે આવ્યા છે. ધોરણ-૧૦માં સના લોખંડવાલા ૯૬.૨ ટકા સાથે પ્રથમ ક્રમે આવી હોવાનું જાણવા મળે છે.

૨૦૦૫થી ૨૦૦૯ના મોંઘવારી ભથ્થાંનું એરિયર્સ ચૂકવવા હુકમ

હાઈકોર્ટના આદેશ બાદ ૧૦ હજાર સરકારી તબીબોને આર્થિક ફાયદો

ગાંધીનગર, તા. ૧૫

મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું ભેળવવાની ગણતરીમાં ભૂલ દ્વારા રાજ્યના ૧૦ હજારથી વધુ સરકારી તબીબોને પગારમાં થયેલા અન્યાયના મામલે હાઈકોર્ટે ચુકાદો આપતાં વર્ષ ૨૦૦૫થી ૦૯ સુધીની બાકી નીકળતી એરિયર્સની રકમ ચુકવવાનો હુકમ કર્યો છે. આ હુકમના પગલે રાજ્યના હજારો સરકારી તબીબોને સવાથી અઢી લાખ જેટલો નાણાંકીય લાભ મળે તેમ જાણવા મળે છે. બીજી તરફ રાજ્ય સરકાર ઉપર ૧૨૫ કરોડ જેટલો બોજો પણ આવી શકે છે.

કેસની હકીકત એવી છે કે અરજદાર મહેશકુમાર કાપડિયા અને મેડિકલ ઓફિસર્સ એસોસિએશન દ્વારા હાઈકોર્ટ સમક્ષ રિટ કરવામાં આવી હતી. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે,'વર્ષ ૨૦૦૫ થી ૨૦૦૯ દરમિયાન સરકારી તબીબોની મોંઘવારી ભથ્થાં અને નોન પ્રાઈવેટ પ્રેક્ટિસિંગ અલાઉન્સની ગણતરીમાં ભૂલ કરીને અન્યાય કરવામાં આવ્યો છે. આ મામલે હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી અને તેમાં ગણતરીની ભૂલ સુધારી લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ કોઈ સુધારો કરાયો નહોતો.' વધુમાં એમ જણાવાયું હતું કે,'રાજ્ય સરકારે કોઈ સુધારો ના કરતાં ફરીથી રિટ કરવામાં આવી અને એમાં પણ અરજદારોની તરફેણમાં ચુકાદો આવ્યો. છતાંય તેનો અમલ કરવામાં આવ્યો નથી.' તેથી આ મામલે અરજદારોએ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી કરતાં સરકારે અપીલ દાખલ કરી હતી. જેમાં એવી દલીલ કરી હતી કે,'તબીબો ખોટી રીતે મોંઘવારી ભથ્થું ગણે છે અને એનપીપીએ તેમનો અધિકાર નથી.' હાઈકોર્ટના જસ્ટિસ અનંત દવે અને જસ્ટિસ બીરેન વૈષ્ણવની ખંડપીઠે આ અપીલ રદ ઠેરવી બાકી નીકળતી રકમ ચૂકવવા આદેશ કર્યો છે. ઉલ્લેખનીય છે કે છઠ્ઠા પગારપંચ બાદ આ ભૂલ સરકારે સુધારી હતી. તેથી અગાઉના વર્ષોનો એરિયર્સ મળવા પાત્ર થશે.

મોબાઈલ દ્વારા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં ગુજરાત અન્ય રાજ્યોથી આગળ

ગાંધીનગર, તા. ૧૫

હવે કમ્પ્યૂટર નહીં પરંત સ્માર્ટફોનના માધ્યમથી સોશિયલ મીડિયાનો ઉપયોગ વધ્યો છે. સોશિયલ મીડિયા પર વિવિધ સર્વે હાથ ધરતી દેશની એક એજન્સીએ બહાર પાડેલા સર્વેમાં તારણ આવ્યું છે કે સોશિયલ મીડિયાના ઉપયોગમાં અમદાવાદીઓ દેશના અન્ય શહેરોના લોકોથી આગળ છે. અમદાવાદમાં ફોનનો ઉપયોગ કરતા લોકો પૈકી ૬૦ટકા લોકો કોઈને કોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે જોડાયેલા છે. આ દરમાં અમદાવાદ સૌથી આગળ છે જ્યારે મુંબઈમાં ફોનનો ઉપયોગ કરતા કુલ લોકોપૈકી ૫૫.૨ ટકા લોકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે જોડાયેલા છે.

બાળકને માત્ર બાળક રહેવા દો ધાર્મિક પરંપરાનો ભોગ ન બનાવો

ગાંધીનગર, તા. ૧૫

આજનું બાળક એ આવતી કાલનું ભવિષ્ય છે. બાળકો માટે સરકારે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫, બાળકોને જાતિય અત્યાચાર સામે રક્ષણ આપતો કાયદો (પોકસો) એક્ટ ૨૦૧૨ અને બંધારણમાં પણ બાળકોને આગવુ મહત્ત્વ આપવામાં આવેલું છે.

આ અંગેની માહિતી આપતાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ જણાવ્યું છે કે આમ બાળકોને લગતા વિવિધ કાયદાઓ હોવા છતાં પણ સમાજમાં બાળકોને પરંપરાગત ધર્મના નામે સળગતા કોલસા પર ચલાવવા, બાળ બલી અને ગરમ તેલમાં હાથ નાખવા જેવી વિવિધ ઘટનાઓ સમાજમાં બને છે અને તેને આપણે હસ્તક્ષેપ ન કરતા તેનાથી ઉલટુ બાળકના વાલી સહિત બધા જ પ્રેક્ષકો આ ધાર્મિક પરંપરાનો ઉત્સાહ અને આનંદ માણતા હોય છે. જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ ની કલમ-૭૫માં બાળકો સાથે થતી ક્રુરતા સામે પગલા લેવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં જો કોઈ બાળકનો વાસ્તવિક પ્રભાર તથા નિયંત્રણ રાખતું હોય તેઓ બાળકને મારઝુડ કરે, ત્યજી દે, દૂરઉપયોગ કરે, ખુલ્લુ કરે અથવા જાણી જોઈને બાળકને ધિક્કારે, બિનજરૂરી શારીરિક / માનસીક યાતનાઓ પહોંચાડે તેના માટે જુવેનાઈલ જસ્ટિસ એક્ટની કલમ-૭૫માં ત્રણ વર્ષ સુધીની કેદની સજા અથવા એક લાખ સુધીના દંડ અથવા બન્ને સજાને પાત્ર ઠરશે. આવી ક્રુરતાનો ભોગ બનેલા બાળકો કોઈ સંસ્થામાં રહેતા હોય અને સંસ્થાના કર્મચારી દ્વારા ક્રુરતાનો ભોગ બનેલ હોય તો તેઓને પાંચ વર્ષ સુધીની સખત કેદની સજા તથા પાંચ લાખ સુધીના દંડની સજા થશે. આવી ઘટના જો સમાજમાં ક્યાંય પણ નજરે ચડે તો તાત્કાલિક જિલ્લા બાળ સુરક્ષા એકમ, સરદાર પટેલ ભવન, મીલ રોડ, નડિયાદ, જિ.ખેડા, ટેલીફોન નંબર : ૦૨૬૮-૨૫૬૩૦૭૭ નો સંપર્ક કરવો અથવા તો ચાઈલ્ડ હેલ્પ લાઈન - ૧૦૯૮ પર સંપર્ક કરવો અથવા તો નજીકના પોલીસ સ્ટેશનમાં આ બાબતની જાણ કરવી. જેથી કરી આવા બાળકો ધાર્મિક પરંપરા અંતર્ગત શારીરિક/ માનસીક યાતનાનો ભોગ બનતા અટકે અને ભાવિ સમાજનું ઘડતર થઈ શકે.

અંતરે રહીને પણ કોઈપણ જાતના અંતરાય વગર સંબંધોને ઉજાળીએ

એક સજ્જન પોતાની પત્ની, ખૂબ જ નાની વયના બે બાળકો અને પોતાનું કુટુંબ છોડીને લગભગ વિસેક વર્ષ પહેલા વિદેશ જતાં રહ્યા હતાં. એ સજ્જન વ્યવસાય માટે, રોજી-રોટી માટે એવી પરિસ્થિતિમાં વિદેશ પહોંચ્યા હતા કે પછી પોતાની ઈચ્છા હોવા છતાં પણ સરળતાથી સ્વદેશ પરત આવી શકે એમ ન હતા. અરે, પાંચ-પંદર દિવસ પોતાના કુટુંબીજનોને મળવા માટે કે સુખ-દૂ:ખનાં પ્રસંગ નિમિત્તે પણ આવી શકાય એવા સંજોગો એ સજ્જનનાં ન હતા. એ સજ્જન લાચાર હતાં, વિવશ હતાં.

આખરે સંજોગો બદલાયા અને વીસ વર્ષ પછી તે પોતાને ઘેર પરત આવી શક્યા. ઘેર આવ્યા ત્યારે તેના બાળકો યુવાન થઈ ગયા હતા, એ સજ્જનની જેમ જ તેમની પત્ની પ્રૌઢ થઈ ચૂકી હતી અને તેના માં-બાપ વૃધ્ધ થઈ ચૂક્યા હતાં. સજ્જન પોતાને ઘેર બાવીસ વર્ષ જેટલા લાંબા સમય પછી પરત આવ્યા પણ એક કુટુંબીજન, સ્નેહીજન, આપ્તજન તરીકે કુટુંબમાં સ્થિર થતાં તેમને બાવીસ દિવસ પણ ના થયા. થોડા જ દિવસોમાં તે પોતાના કુટુંબ સાથે એ રીતે રહેવા લાગ્યા જાણે કે વર્ષોથી તેઓ સાથે જ રહેતા હોય, જાણે આટલા બધા વર્ષો સુધી પોતાના કુટુંબથી ક્યારેય દૂર રહ્યા જ ના હોય.

માનવીય સંબંધોને સમજવા કે તેની વ્યાખ્યા કરવી અતિશય મુશ્કેલભર્યું છે કારણકે સંબંધોના સમીકરણો અટપટા હોય છે. આપણે આપણી નજીક, દૂર, કે થોડે અંતરે રહેતા લોકો સાથે સંબંધો ધરાવીએ છીએ. કોઈપણ વ્યક્તિ માટે પોતાના કુટુંબથી, સ્વજનોથી, પ્રિયજનોથી દૂર રહેવું સહેલું નથી. પોતાના પ્રિયજનોથી દૂર રહેવું મુશ્કેલ છે તેના કરતાં વધારે મુશ્કેલ દૂર રહીને પણ એ પ્રિયજનો સાથે સંબંધો ટકાવવા અને નિભાવવા. કદાચ એ કારણથી જ ઘણી વ્યક્તિઓ પોતાના કુટુંબીજનો કે પ્રિયજનોથી દૂર જવાનું પસંદ કરતી નથી અને દૂર રહેતી વ્યક્તિઓ સાથે સંબંધોપણ વિકસાવતી નથી. એ વ્યક્તિઓને કદાચ એવો ડર હોય છે કે પ્રિયજનોથી દૂર રહેવાથી કદાચ સંબંધો નિભાવી નહીં શકાય, કદાચ નવા કેળવેલા સંબંધો તૂટી જશે અથવા તો કદાચ તેઓથી મન અને હૃદયથી દૂર થઈ જશે.

એક પ્રિયજને થોડા સમય પહેલા વ્હોટ્સએપમાં એક સંદેશ ફોરવર્ડ કર્યો હતો. એ સંદેશ હતો; ''અંતરે રહેવા છતાં અંતરાય વગર, અત્તરની જેમ એકબીજાના અંતરમાં મહેકતા રહીએ તેનું નામ સંબંધ.''

વ્યક્તિ જ્યારે પોતાના કુટુંબીજન કે પ્રિયજનથી દૂર રહે છે ત્યારે રોજ-બ-રોજના જીવનમાં તે ઘણુબધું ગુમાવતી હોય છે. વ્યક્તિ પોતાના સ્નેહીજનની સાથે રહેવાનુ ગુમાવે છે, સ્નેહીજનની સાથે ભોજન લેવાનું ગુમાવે છે, સ્નેહીજન સાથેની રોજ-બ-રોજની વાતચીત અને ચર્ચા ગુમાવે છે, એકબીજા સાથે અંતરંગ વાતો કરવાનું ગુમાવે છે, એ બધાથી વિશેષ જો કઈ ગુમાવતી હોય તો તે એકબીજાનો સ્પર્શ, આલિંગન અને હુંફ.

સાથે રહેવાથી, સાથે ભોજન લેવાથી, રોજ-બ-રોજની વાતચીત અને ચર્ચાથી, એકબીજાની અંતરંગ વાતોથી, એકબીજાને સ્પર્શ કરવાથી, આલિંગન આપવાથી કે હુંફ મળવાથી સંબંધો પ્રગાઢ બનતા હોય છે. સ્નેહીજનથી દૂર રહેવાથી જે કઈ ગુમાવી છીએ તેની સંબંધો ઉપર થોડીઘણી અસર તો થાય જ છે. આમ છતાં, દૂર રહીને વ્યક્તિ પોતાના સંબંધોમાં જે કઈ ગુમાવે છે તેને સરભર કરવા માટે, એ સંબંધોને વિકસાવવા માટે, એ સંબંધોને ટકાવવા માટે, એ સંબંધોને નિભાવવા માટે અને એ સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે માટે બીજા પ્રયત્નો તો કરવા જ પડે છે.

પોતાના સ્નેહીજનથી વ્યક્તિ જ્યારે એકદમ દૂર હોય છે ત્યારે તે કાયમ માટે સ્વસ્થ રહી શકિત નથી. સ્નેહીજનની યાદ આવે છે ત્યારે તે એક પ્રકારનો ખાલીપો અનુભવે છે, મન ઉદાસ થઈ જાય છે અને એકલતાની લાગણી અનુભવે છે. આવા સમયે ભલે દૂરથી પણ સ્નેહીજન સાથેનો સંપર્ક અને સંવાદ વ્યક્તિની ઉદાસીને હળવી કરી શકે છે.

પ્રિયજનોથી દૂર રહીને પણ સંબંધો નિભાવવા માટેનો મહામંત્ર છે સતત સંપર્ક અને નિયમિત સંપર્ક. કોઈપણ પ્રકારના મીડિયા કે ઉપકરણો દ્વારા રચાય પણ સંપર્ક જરૂરી છે. જ્યારે જ્યારે સંપર્ક રચાય ત્યારે સંવાદ પણ જરૂરી છે. માત્ર 'હાય-હલ્લો' કે 'કેમ છો' થી સંવાદ ના રચી શકાય. સંવાદ માત્ર કામ પૂરતો જ રહે એવું પણ ના બનવું જોઈએ. સંવાદ થાય ત્યારે બંને વચ્ચે હસીમજાક થાય, એકબીજાની મશ્કરી થાય, અનુભવોની આપ-લે થાય, દિનચર્યા ની ચર્ચા થાય, જીવનમાં બનેલી મહત્વની ઘટનાઓની આપ-લે થાય, મહત્વની કે બિનમહત્વની કોઈપણ ઘટનાઓ ઉપર વાતો થાય ને છેવટે કઈ નહીં તો બંને વચ્ચે ગપ્પાબાજી પણ થાય. કોઈપણ રીતે બંને વચ્ચે સંવાદ થતાં રહે તો જ સંવાદિતતા જળવાઈ રહે.

પ્રિયજન જ્યારે દૂર હોય છે ત્યારે બંને વચ્ચે સંપર્ક કે વાતચીતનો તેઓ એક સમય કે દિવસ નિર્ધારિત રાખે છે. આમ કરવાથી બંને એક નિશ્ચિત આયોજન કરી શકે છે અને કોઈપણ પ્રકારના ખલેલ વિના બંને ફુરસત કાઢીને એકબીજાને પૂરતો સમય ફાળવી શકે છે.

વાતચીત કરવાના નિયમિત સમય ઉપરાંત ક્યારેક બંનેમાથી એક મોડી રાત્રે કે વહેલી સવારે 'સારપ્રાઈઝ' આપીને સંપર્ક કરે છે ત્યારે સામેની વ્યક્તિને સાનંદાશ્ચર્ય થાય છે. મોબાઈલ કે ટેબ દ્વારા બંને વચ્ચે 'વિડીયો કોલ'' દ્વારા સંપર્ક કરવાથી બંને વધારે નજદીકી અનુભવે છે અને બન્ને પાસેપાસે હોય એવો અહેસાસ થાય છે.

(ક્રમશ:)